### મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝના CSR અંતર્ગત

# પાદરા તાલુકાની શાળામાં વિદ્યાર્થી માટે મલ્ટિ પર્પઝ શેડ બનાવાયો

## મધ્યાહ્ન ભોજન સહિત કાર્યક્રમો માટે મુશ્કેલી પડતી હતી

| પાદરા |

પાદરા તાલુકાની સાગર વિદ્યાલયમાં ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા તેની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પહેલ અંતર્ગત મુકુલ માધવ ફાઉન્ડેશન મારફતે મલ્ટી પર્પઝ શેડ (MPS)નું નિર્માણ કરાયું છે. આ નવી સુવિધા ગ્રામ્ય શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ વધારો ગણાઈ રહી છે.

શાળાએ અગાઉ રજૂઆત કરી હતી કે, વિદ્યાર્થીઓ માટે યોગ્ય અને સુરક્ષિત જગ્યા ન હોવાને કારણે મધ્યાહ્ન ભોજન જમીન પર બેસીને લેવુ પડતું હતું. ખાસ કરીને ચોમાસા અને અતિ હવામાન દરમિયાન વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. વિદ્યાર્થીઓની ગૌરવ, સ્વચ્છતા, આરોગ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે આ મલ્ટી પર્પઝ શેડનું નિર્માણ કરાવ્યું છે.




પાદરા તાલુકાની સાગર વિદ્યાલયમાં મલ્ટિ પર્પઝ શેડ બનાવાયો

આધુનિક સુવિધા ધરાવતો મલ્ટી પર્પઝ શેડ હવે મધ્યાહ્ન ભોજન માટે સ્વચ્છ અને સુરક્ષિત જગ્યા, સવારની પ્રાર્થના અને સભાઓ માટે સુવિધાજનક સ્થળ, તેમજ શૈક્ષણિક, સહપાઠ્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે ઉપયોગી મંચ તરીકે કાર્ય કરશે. ઉપરાંત શાળાના વિવિધ કાર્યક્રમો અને સમુદાયિક પ્રવૃત્તિઓ માટે પણ તેનો લાભ મળશે.

મલ્ટી પર્પઝ શેડના ઉદ્ઘાટન પ્રસંગે પાદરા પોલીસ ઈન્સ્પેક્ટર વિજય ચારણ, પાદરા PSI ગઢવી, તેમજ ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને મુકુલ માધવ ફાઉન્ડેશન તરફથી કલ્પેશ પરમાર, સચિન ભાટિયા અને નિતુલ બારોટ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સ્થાનિક ગ્રામ સરપંચ, શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ના સભ્યો, ટ્રસ્ટીઓ, પ્રિન્સિપાલ, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા સ્વદેશ NGOની ટીમે પણ હાજરી આપી હતી.